# દેવા નાબુદી-યુવાનોને રોજગારી આપવાની માંગ સાથે કોંગ્રેસે આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૭

ખેડૂતોના દેવા નાબુદી અને બેકારી નાબુદી માટે આજે ગાંધીનગર શહેર-જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા દેખાવો યોજી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

રાજ્યમાં ખેડૂતો પર વધતા જતા દેવાની સંપૂર્ણ માફીની માંગ કરતાં યુવક કોંગ્રેસે તેના આવેદન પત્રમાં જણાવ્યું છે કે દેશના અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ ખેડૂતોનુ દેવુ સંપૂર્ણ માફ કરી દેવુ જોઈએ. ખેડૂતોને સસ્તા દરે વીજળી આપવા, પોષણક્ષમ ભાવ આપવાની માંગ પણ આ આવેદન પત્રમાં કરી ચૂંટણીના વચનોની યાદ અપાવવામાં આવી છે.

આ માંગણીઓ અંગે સરકાર દ્વારા જો સાનુકૂળ જાહેરાતો નહિ કરાય તો રાજ્યમાં આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

યુવક કોંગ્રેસે આ આવેદનપત્રની સાથે બેકારી નાબુદીની માંગ કરી જણાવ્યુ છે કે વિકાસની ભ્રામક વાતો નહિ પણ યુવાનો રોજગારી મળવી જોઈએ જે એનો હક્ક છે.

આ આવેદન પત્રમાં પાંચ વાયબ્રન્ટ પછી પણ રાજ્યના ૫૦ હજાર યુવાનોને રોજગારી મળી શકી નથી એ કડવી વાસ્તવિકતા છે. યુવક કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો છે કે રોજગારીના સર્જન વિનાનો વિકાસ રાજ્યનો કેવી રીતે થાય તે હજુ સમજાતુ નથી.

રોજગારીના જે આંકડાઓ સરકાર આપે છે તે ખોટા છે. કારણ કે તલાટીની અરજી કરનારા યુવાનોની સંખ્યા ૧૨.૫૦ લાખ હોય તો સાચુ કોણ? તેવો સામાન્ય સવાલ ઉભો થાય. સરકારે આ બાબતે શ્વેતપત્ર બહાર પાડવુ જોઈએ તેવી માગં કરવામાં આવી છે.

યુવક કોંગ્રેસના આ કાર્યક્રમમાં યુથ કોંગ્રેસના પ્રમુખ ભાવેશ દેસાઈ ઉપરાંત પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તા નીશીત વ્યાસ, પૂર્વ શહેર પ્રમુખ મુકેશ પટેલ, કાઉન્સીલરો અંકિત બારોટ, જયરાજસિંહ વાઘેલા, જીતુ રાયકા, હમીરભાઈ રબારી, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, દુર્ગેશ ગઢવી, ઈશ્વરભાઈ દેસાઈ, મનુભાઈ ચૌધરી, રાકેશ જાની, ગણપતસિંહ વાઘેલા સહિતના આગેવાનો જોડાયા હતા.





# સે. ૩૦માંથી દુર્લભ જંગલી બિલાડીના બચ્ચાં મળ્યાં

## મુક્તિધામ સ્મશાનના સ્ટાફ દ્વારા બિનવારસી બચ્ચાંઓનું બચાવકાર્ય હાથ ધરી જતન કરાઈ રહ્યું છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના મુક્તિધામ સ્મશાન સંકુલમાં ચલાવાતી જીવદયા પ્રવૃત્તિ અનેક પ્રકારના પ્રાણીઓ-પક્ષીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થઈ છે. ફરી એકવાર મુક્તિધામ ખાતે ગાંધીનગરના સેક્ટર-૩૦માંથી પ્રાપ્ત થયેલા દુર્લભ કહી શકાય તેવી જંગલી બિલાડીના બચ્ચાંને બચાવી તેમનુ જતન હાથ ધરવામાં આવ્યું છે.




ગઈકાલે સાંજે સેક્ટર-૩૦ની નર્સરીથી ટીવીએસ તરફ જવાના ટર્નિંગ પાસેના ઝાડ નીચે બિલાડીના ચાર બચ્ચાં બિનવારસી હાલતમાં હતા. અહીંથી પસાર થઈ રહેલા બે જીવદયાપ્રેમી નાગરિકોએ આ બચ્ચાંને ડરી ગયેલી હાલતમાં જોતા તેની માતાની તપાસ કરી હતી પરંતુ ખાસ્સીવાર સુધી તપાસ કરવા છતાં ક્યાંય આ બચ્ચાંઓની માતા જોવા મળી નહોતી. આ ચાર બચ્ચાંઓમાં બે બચ્ચાં સાદી બિલાડીના હતા જેમાં એક લાલાશ પડતા રંગનુ અને બીજુ સફેદ રંગનુ હતુ અને બંને થોડા મોટા હતા પરંતુ અન્ય બે બચ્ચાં જે કાળાશ પડતા રંગના હતા તે અલગ જ પ્રકારના જંગલી બિલાડીના હતા અને ખુબ જ નાના હતા. આ બંને બચ્ચાના જન્મને બે-ત્રણ દિવસનો જ સમય થયો હોય તેવો અંદાજ બાંધવામાં આવ્યો છે. ઘણી શોધખોળના અંતે આ બચ્ચાં બિનવારસી હોવાનુ જણાતા પેલા નાગરિકોએ તુરંત મુક્તિધામનું સંચાલન સંભાળતા જીલુભા ધાંધલને ફોન કરી તમામ વિગત જણાવી હતી. જીલુભા ધાંધલે તુરંત જ મુક્તિધામથી મેનેજર કિરણસિંહ વાઘેલા અને સ્ટાફને મોકલી આ બચ્ચાંઓનુ બચાવકાર્ય હાથ ધર્યુ હતું.

અંતે આ ચારેય બચ્ચાંઓને હાલ મુક્તિધામ ખાતેના પ્રાણી સંગ્રાહલયમાં રાખવામાં આવ્યા છે. અને તેમને દૂધ સહિત અન્ય ખોરાક પુરો પાડી યોગ્ય જતન કરવામાં આવી રહ્યું છે. આ બચ્ચાંઓમાં બે અલભ્ય જંગલી બિલાડીના બચ્ચાં જે બિલાડી અત્યારે ક્યાંય જોવા મળતી નથી તેના હોવાને કારણે શહેરના વાઈલ્ડલાઈફ પ્રેમીઓમાં ભારે કુતુહલનો વિષય બન્યો છે. તમામ બચ્ચાંઓની સંભાળ કિરણસિંહ વાઘેલા તથા વિક્રમ પુરબિયા દ્વારા લેવામાં આવી રહી છે.

## વૉકલ સંગીત ક્ષેત્રે ધો-૧૦ની વિદ્યાર્થિની ધરા પારેખની સિધ્ધિ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલની ધો-૧૦ની વિદ્યાર્થીની ધરા એમ. પારેખે સંગીત ક્ષેત્રે વૉકલ



મ્યુઝિક ડિપ્લોમા સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. મુંબઈની અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ દ્વારા લેવાયેલી ડિપ્લોમા ઈન વૉકલ મ્યુઝિકની પરીક્ષા તેમણે સફળતાપૂર્વક પાસ કરવા સાથે અનોખી સિધ્ધિ મેળવી છે. આ ડિપ્લોમા પાસ કરનાર તેઓ આ વર્ગના સૌથી યુવા વિદ્યાર્થી છે. તેમની આ સફળતા માટે તેમના પરિવારજનો, મિત્રો તથા તેજસ સર દ્વારા અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## હોસ્પિટલમાં વર્ષ-૨૦૧૬થી અત્યાર સુધીમાં ૨૭૭૩ નાગરીકોએ યલોફીવરની વેકસીન લીધી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાંથી વર્ષ ૨૦૧૬ થી અત્યાર સુધીમાં આફ્રિકન દેશોમાં જતા ૨૭૭૩ નાગરીકોને યલો ફીવરની વેકસીન આપવામાં આવી છે. ત્યારે રાજયની ગણતરીની હોસ્પિટલમાં જ વેકસીન આપવામાં આવતી હોવાથી ગાંધીનગરની હોસ્પિટલમાં રાજયના નામી ઉદ્યોગપતિઓ, ખેલ જગતના નામી ખેલાડીઓ,નાટકના કલાકારો સહિત અનેક માંધાતાઓ આવીને વેકસીન લઈ ગયા છે. જયારે આ વેકસીનથી તંત્રને સારી એવી આવક પણ થવા પામી છે. આફ્રિકન દેશોમાં જવા માટે ભારતના નાગરીકોએ યલો ફીવરની વેકસીન લેવી ફરજીયાત છે. આફ્રિકન દેશોમાં યલો ફિવર હોવાથી ભારતમાંથી આફ્રિકન દેશમાં વિઝીટ માટે જતા દરેક નાગરીકે યલો ફિવરની વેકસીન લેવી ફરજીયાત છે. વેકસીનથી શરીરમાં રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય છે જેથી ત્યાં ફરવા ગયેલા વ્યકતિને યલો ફિવરનો ડર સતાવતો નથી. ત્યારે ગુજરાતમાંથી આફ્રિકાના વિવિધ દેશોની મુલાકાતે જતા નાગરીકો માટે ગાંધીનગર, અમદાવાદ, સુરત, જામનગર સહિત માત્ર પાંચ જેટલી હોસ્પિટલમાં જ યલો ફીવર વેકસીન



આપવામાં આવે છે. ત્યારે દરેક વ્યકિતની પહેલી પસંદ ગાંધીનગર હોસ્પિટલ હોય છે, કારણ કે ઓછી ભીડ, ઝડપી અને સરળ કામગીરી થઈ જતી હોવાથી નાગરીકો યલો ફિવરની વેકસીન લેવા માટે અહી વધુ માત્રામાં આવે છે. સિવિલના અંતરંગ સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ શહેરની હોસ્પિટલમાં ક્રિકેટર ઈરફાન પઠાણ, યુસુફ પઠાણ, ગીત શેટ્ટી, પાર્થિપ પટેલ, કિરણ મોરે, નયન મોંગીયા, બંકિમ પાઠક, ઐશ્વર્યા મજમુદાર, જાણીતા ઉદ્યોગપતિઓ, રાજકારણના આગેવાનો, સહિતના રાજયના જાણીતા માંધાતાઓ યલોફીવરની વેકસીન માટે આવી ચુકયા છે. જયારે આ વેકસીનથી તંત્રને અંદાજીત લાખો રુપીયાની આવક પણ થવા પામી છે. ત્યારે દર સોમવારે યલો ફીવરની વેકસીન માટે નાગરીકોની ભારે ભીડ હોસ્પિટલમાં જોવા મળે છે. જયારે દરેક હોસ્પિટલમાં વેકસીન આપવાનો સમયે અને રૂપીયા પણ અલગ અલગ હોય છે.

## મનપાના ફરતા પુસ્તકાલયનો સમય બદલાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શરૂ કરાયેલ ફરતા પુસ્તકાલયની સેવાઓનો લાભ વધુ ને વધુ નગરજનોને મળે તે માટે તેના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય મનપાના સત્તાવાળાઓએ લીધો છે.

મળતી વિગતો પ્રમાણે ફરતા પુસ્તકાલય માટે સવારે ૯ થી ૫ નો સમય મુકરર કરવામાં આવ્યો હતો. તેમાં ફેરફાર કરી હવે ૮ થી ૧૨ અને સાંજે ૪ થી ૮નો રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તંત્રએ આ માટે વિવિધ સેક્ટરોના પોઈંટ પણ નિયત કરી દીધા છે અને તેની જાણકારી જે તે ઈન્કવાયરી કચેરીઓ પર મુકી દેવામાં આવી છે.

## બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા દિકરીઓને સુકામેવાનું વિતરણ

ગાંધીનગર, તા.૭

અત્યારે હાલ ગૌરીવ્રત અને જયાપાર્વતી વ્રતનો પ્રારંભ થઈ ગયો છે. શહેરમાં દિકરીઓ સવારે પૂજા કરતી નજરે પડે છે. જેથી શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગૌરીવ્રત નિમિતે સેકટર-૧૨ની સરકારી શાળાની વિદ્યાર્થીઓને સુકામેવો, નોટબુક, પેન, કંપાસ, અને દિકરીઓને કટલરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ સમારોહમાં મહિલા પાંખની બહેનો મોટીસંખ્યામાં હાજર રહી હતી તેમ પ્રમુખ ચંદ્રીકાબેન રાવલે જણાવ્યું છે.



## લેંકાવાડા ભૂ. ગ્રુપ સેવા સહકારી મંડળી લી.માં યુવા પરિવર્તન પેનલનો જંગી બહુમતિથી વિજય

ધી લેંકાવાડા ભૂ. ગ્રુપ સેવા સહકારી મંડળી લી.ની ગત તા. ૨-૭-૧૭ના રોજ પ્રથમવાર યોજાઈ હતી. વ્યવસ્થા કમિટી સભ્યોની ચૂંટણીમાં યુવા પરિવર્તન પેનલનો જંગી બહુમતિથી વિજય થયો છે. આ ચૂંટણીમાં થયેલા કુલ ૬૩૭ મતદાનમાંથી પરિવર્તન પેનલના દરેક સભ્યોનો ૧૬૦ થી વધુ મતોની સરસાઈથી વિજય થયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ મંડળીમાં ભાજપ પ્રેરીત યુવા પરિવર્તન પેનલનો વિજય થતાં વર્ષોથી ચાલતી કોંગ્રેસ પ્રેરિત પેનલના શાસનનો અંત આવેલ છે. યુવા પરિવર્તન પેનલની જવલંત સફળતાની લેંકાવાડા અને ધરમપુર ગામના ગ્રામજનોએ ઉલ્લાસપૂર્વક ઉજવણી કરી હતી.

## સુંદરધામ રાંધેજા ખાતે ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

સુંદરધામ શ્રી હનુમાનજી મંદિર રાંધેજા ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ આગામી તા.૯મી જુલાઈને રવિવારના રોજ સવારે ૮ થી ૧૦ કલાક દરમિયાન ધામધુમથી ઉજવાશે. જેમાં ધજારોહણ, પાદુકા પુજન, મૂર્તિપૂજન, મંત્ર દિક્ષા, સાથે ભજન નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે ગુરુજીના આશિર્વાદ માટે ભકતોને લાઈનમાં લાંબો સમય ના ઉભુ રહેવું પડે તે માટે વિશેષ આયોજન સુંદર ધામ પરિવાર દ્વારા કરાયું છે. જયારે બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન વિવિધ ભજન મંડળો દ્વારા સત્સંગનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે.



શહેરમાં ગૌરીવ્રત ચાલી રહ્યું છે. ગૌરીવ્રત કરનારી બાળાઓને આ સમયગાળા દરમ્યાન વિશેષ માન-સન્માન આપવામાં આવે છે. સેક્ટર-૧૨માં પ્રાથમિક શાળામાં ગૌરીવ્રત કરનારી બાળાઓને કેળાનુ વિતરણ કરવામાં આવ્યું હતું. જો કે આ વિતરણનો લાભ શાળાના અન્ય બાળકોને પણ મળ્યો હતો.

## ધોળાકુવામાંથી ૧૫ વર્ષિય કિશોરીને પડોશી પરણીત યુવાન ભગાડી ગયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક આવેલા ધોળાકુવા ગામમાં રહેતી ૧૫ વર્ષિય કિશોરીને પડોશમાં રહેતો પરણીત યુવાન લગ્નની લાલચ આપીને ભગાડી જતા ચકચાર મચી જવા પામી છે. એક સપ્તાહ થઈ જવા છતા અપહ્યુત કિશોરી કે તેને ફોસલાવીને ભગાડી ગયેલો અપહરણકાર પડોશી યુવાન મળી આવ્યા નથી. કિશોરીના પિતાની ફરિયાદને આધારે ઈન્ફોસીટી પોલીસે અપહરણ અને પોક્સો નો ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીકનાં ધોળાકુવામાં રહેતો પરણીત યુવાન તેના જ પડોશમાં રહેતી ૧૫ વર્ષિય કિશોરીને ઘરેથી ભગાડી ગયો છે. આ યુવાનની પત્ની હાલ રિસામણી છે અને તેણીના પિયરમાં છે. જો કે પરણીત હોવા છતા તેનો ડોળો પડોશમાં રહેતી ૧૫ વર્ષની કિશોરી પર મંડરાયેલો હતો. અગાઉ યુવાનની માતાએ કિશોરીના માતા-પિતા પાસે પોતાના પરણીત પુત્રના લગ્નનુ માંગુ પણ નાંખ્યુ હતુ. પરંતુ દિકરી હજુ ખુબ નાની હોવાથી લગ્નનો પ્રસ્તાવ કિશોરીના માતા-પિતાએ હુકરાવી દીધો હતો. દરમ્યાન ૧લી જુલાઈએ કિશરીના માતા-પિતા એક મરણ પ્રસંગે વાડજ ગયા હતા અને પરત ફર્યા ત્યા સુધીમાં ઘરેથી દિકરીને પડોશી યુવાન ભગાડી ગયો હતો. એક સપ્તાહ બાદ પણ કિશોરી કે પડોશી યુવાનનો કોઈ પત્તો નથી. આખરે કિશોરીના પિતાએ ઈન્ફોસીટી પોલીસને ફરિયાદ આપતા પડોશી યુવાન સામે ગુનો દાખલ કરી તેની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ઉવારસદમાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ પકડાયો

ગાંધીનગર નજીક ઉવારસદ ગામમાં જૈન દેરાસર ખડકીમાં ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી અડાલજ પોલીસને મળી હતી. અડાલજ પોલીસની ટીમે બુધવારે સમી સાંજે દરોડો પાડી એક શખ્સને દબોચી લીધો હતો. ગામમાં જૈન દેરાસર ખડકી પાસેથી વરલી મટકાનો જુગાર રમી રહેલા ચેતન અશોક દરજીને પકડી પાડી કાર્યવાહી કરી છે. ચેતન પાસેથી ૨૮૦ રોકડા, જુગારનાં આંકડા, હિસાબ લખેલા સાહિત્ય સહિતનો મુદ્દામાલ જપ્ત કરી અડાલજ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પરીક્ષા શરૂ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે . તા ૮ થી ૧૧ જુલાઈ દરમિયાન ધોરણ-૧૦ તેમજ ધોરણ -૧૨ સામાન્ય તેમજ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષા લેવાશે. જેમાં ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૪૫૪ વિદ્યાર્થીઓ ગણિતની , ૩૯૫ જીવવિજ્ઞાનની, અને ૧૦૪૬ રાસાયણવિજ્ઞાનની પરીક્ષા આપશે. આ ઉપરાંત ૧૪૧ વિદ્યાર્થીઓ અંગ્રેજીની અને ૯૧૯ વિદ્યાર્થીઓ ભૌતિકવિજ્ઞાનની પરીક્ષા આપશે. જયારે તા ૯ જુલાઈના રોજ સામાન્ય પ્રવાહમાં ૧૭૭૧ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. આ ઉપરાંત ધોરણ-૧૦ માં ૨૪૫૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધોરણ-૧૦ માં પરીક્ષાની બેઠક વ્યવસ્થા માટે ૧૦૭ બ્લોકમાં આયોજન કરવામાં આવ્યુ છે. જયારે વિજ્ઞાન પ્રવાહની બેઠક વ્યવસ્થા ૬ બ્લોકમાં કરવામાં આવી છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. પરીક્ષાનો સમય સવારે ૧૦ અને બપોરે ૩ કલાકનો નિયત કરવામાં આવ્યો છે. જયારે પરીક્ષા દરમિયાન શાંતિ અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી આયોજન કરાયુ છે.

### થર જામ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિકાલ ન થતા વાહનો પાર્ક કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. સે-૧૬ ના સર્વિસ રોડ પર આમ પણ ખાડે ગયેલી પાર્કીંગ વ્યવસ્થાના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહયા છે. ત્યારે હાલ વરસાદી પાણીના ભરાવા સાથે વાહનો પાર્ક કરવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. બીજીતરફ પાર્કીંગ પ્લેસ પર મચ્છર ઉત્પત્તિ સ્થાનો અસ્તિત્વમાં આવ્યા છે. શહેરમાં સફાઈ વ્યવસ્થાના નામે મીંડુ છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા પણ નિયમિત રહી નથી. ત્યારે વરસાદી દિવસોમાં યોગ્ય સફાઈના અભાવ વચ્ચે વરસાદી પાણીનો પણ સમયસર નિકાલ ન થતા રોગચાળો આક્રમક બને તેવી દહેશત વચ્ચે આમ નાગરિકોએ રોજબરોજ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

### ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

તેઓ ઈંગ્લેન્ડનો દાખલો આપે છે. તેઓ દૃષ્ટાંત આપતા કહે છે કે, 'જે દેશમાં જાતિનો પાયો ધર્મ ઉપર રચાયેલો નથી ત્યાં પણ વર્ણસંકર ન થાય તેની ખબરદારી રાખવામાં આવે છે.' ભોજન અને વિવાહ સંબંધી બંધનને હિન્દુ સમાજે જાણ્યે-અજાણ્યે કબૂલ કરેલી છે એમ ઉલ્લેખ કરતાં તેઓ જ્ઞાતિ સંસ્થાના બીજા લાભ પણ દલીલો રૂપે રજૂ કરે છે, જે આગામી લેખમાં જોઈશું. મહાત્મા ગાંધીએ અભ્યાસી પ્રત્યે વ્યક્ત કરેલી લેખિત લાગણી અત્રે રજૂ કરીને લેખનું સમાપન કરવા રજા લઉં છું. મારા લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમજ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઈચ્છું છું કે મને સર્વ કાળે એકરુપ જ દેખાવાની કશી પરવા નથી, સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ અટક્યો છે અથવા દેહ પડ્યા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગ્યું નથી. મને એક જ વસ્તુની પડી ચછે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારા બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિષે શ્રદ્ધા હોય તો એક જ વિષયના બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦-૪-'૩૩-ગાંધીજી (લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

### તાકિદની બેઠક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેન્ડર આપવામાં આવ્યુંહતું. આના બદલામાં લાલૂને ત્રણ એકર જમીન આપવામાં આવી હતી. આ ટેન્ડર ૨૦૦૪થી લઈને ૨૦૦૯ વચ્ચે ઈન્ડિયન રેલવે કેટરીંગ એન્ડ ટ્યુરિઝમ કોર્પોરેશન મારફતે આપવામાં આવ્યા હતા. તે વખતે લાલૂ પ્રધાન હતા. ૨૦૦૪-૨૦૧૪ વચ્ચે રચવામાં આવેલા આ કાવતરા માટે લાલૂ અને અન્યો સામે પ્રવેન્શન ઓફ કરપ્શન એક્ટ ૧૯૮૮ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યોછે. આ કાવતરા હેઠળ પુરી અને રાંચી સ્થિત ભારતીય રેલવેના બીએનઆર હોટેલોના નિયંત્રણને પહેલા આઈઆરસીટીસીને સોંપવામાં આવ્યા હતા અને ત્યારબાદ મેઈન્ટેનન્સ, સંચાલન અને વિકાસનું કામ પટણા સ્થિત સુજાતા હોટલ પ્રાઈવેટ લિમિટેડને અપાયું હતું.

### મંત્રણા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સફળતા મળે તેવી અમે અપેક્ષા રાખીએ છીએ. મોદીએ પોતાના સંબોધનમાં જીએસટીનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, ગયા સપ્તાહમાં જ ભારતમાં છેલ્લા ૭૦ વર્ષોના સૌથી મોટા ટેક્સ સુધારાને અમલી કરી દેવાનો ઐતિહાસિક નિર્ણય લઈ લેવાયો છે અને જીએસટી અમલી બનતા વધુ સુવિધા ઉભી થઈ છે. આનાથી વેપારને ગતિ મળશે. મોદીએ કહ્યું હતું કે, બ્રિક્સનો અવાજ બુલંદ થઈ રહ્યો છે.

### દરોડા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સીબીઆઈ દ્વારા તેમની સામે રેલવે પ્રધાન તરીકે ખાનગી કંપનીને લાભ પહોંચાડી દેવાનો આક્ષેપ મુક્યો છે. સાથે સાથે કેસ દાખલ કર્યો છે. રાંચી અને પુરીમાં હોટેલના ડેવલપમેન્ટ, મેન્ટેનન્સ અને ઓપરેશન માટે ટેન્ડકર આપવાના મામલામાં આજે સીબીઆઈ દ્વારા લાલુ અને તેમના પરિવારના સભ્યો સાથે જોડાયેલા ૧૨ સ્થળો પર એક સાથે દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. દરોડાની કાર્યવાહીમાં મોટી સંખ્યામાં અધિકારીઓ જોડાયા હતા. આ કાર્યવાહી મોડી સાંજ સુધી જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. દિલ્હી, ગુરૂગ્રામ, પટણા, રાંચી અને પુરીમાં એક સાથે દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર
'વિંગ્સ ઓફ નેચર' બર્ડ ડી.વી.ડી. રોમ તૈયાર કરવા અંગેના ભાવો મંગાવવા બાબત.

'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે 'વિંગ્સ ઓફ નેચર' સી.ડી. રોમ અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. તેનું ગુજરાતી તથા હિન્દી ભાષામાં ભાષાંતર કરી ત્રણે ભાષામાં તૈયાર કરેલ મેટરને એક જ ડી.વી.ડી. રોમમાં સમાવેશ કરવાની કામગીરીમાં જે કોઈ રસ ધરાવતા હોય તેવા વ્યક્તિ / સંસ્થા / ઈજારદારોએ કે જેઓ રજીસ્ટ્રેશન, પાનકાર્ડ કે જી.એસ.ટી. નંબર ધરાવતા હોય તેઓશ્રી પાસેથી જાહેર નિવિદા તળે ભાવો મંગાવવામાં આવે છે. જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭ સુધીમાં નીચેના સરનામે રજીસ્ટ્રેશન અને પાનકાર્ડ નકલ સાથે અરજી તથા રૂ. ૧૫૦૦/- (અંકે રૂપિયા પંદરસો પૂરા) રોકડા (નોન રીફંડેબલ) અથવા નિયામકશ્રી, 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગરના નામે ડી.ડી. દ્વારા ભરી કોરા ટેન્ડર ફોર્મની નકલ મેળવવી. ટેન્ડરની શરતો / જોગવાઈઓ અનુસાર બંધ કવરમાં ભાવો ભરી, જે તે ટેન્ડર કોપીમાં સૂચિત કરેલ તારીખ સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી નીચે સરનામે મળે તે મુજબ મોકલી આપવાના રહેશે. બંધ કવર ઉપર 'વિંગ્સ ઓફ નેચર બર્ડ ડી.વી.ડી. રોમના ભાવ' લખવાનું રહેશે.

સરનામું : 'ગીર' ફાઉન્ડેશન,
ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, પો. સેક્ટર-૭,
'જ' રોડ, ગાંધીનગર-૩૮૨૦૦૭,
ફોન નં. : (૦૭૯) ૨૩૯૭૭૩૦૦/૩૧૧

સહી/-
નાયબ નિયામક, ઈ.ઈ.,
'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર

માહિતી/૯૮૦/૧૭-૧૮